# JSWના સિમેન્ટ એકમનો નિર્ણય મુલવતી રાખતી ગ્રીન પેનલ

**નવી દિલ્હી:** કેન્દ્રની ગ્રીન પેનલે જેએસડબલ્યુ સિમેન્ટના ગુલબર્ગા, કર્ણાટક સ્થિત એકમને પર્યાવરણ મંજૂરી આપવાનો નિર્ણય મુલતવી રાખ્યો હતો. હાલ આ માઇન્સ લિઝ એરિયા સબ-જ્યુડિસ હોવાથી નિર્ણય લેવાયો નથી. કંપની દ્વારા મોગલા ગામમાં ૪૦૪ હેક્ટરમાં વર્ષે ૪૫.૧ લાખ ટન લાઇમસ્ટોન-આરઓએમનું ઉત્પાદન કરવાનો પ્રોજેક્ટ સ્થાપવા મંજૂરી માગવામાં આવી હતી. અગાઉ બે વાર મંજૂરી પાછી ઠેલવામાં આવી હતી અને વધુ વિગતો માગવામાં આવી હતી.